<u>તારાંકિત પ્રશ્ન</u> <u>ક્રમાંક: પ્ર/</u>

# ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/1091

વિષય:

સરકારી પોલિટેકનિક કોલેજોમાં ખાલી જગ્યાઓ ભરવા બાબત

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઈન જવાબ મોકલાવવાની છેલ્લી | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 12/01/2024 | તારીખ 05/02/2024 | 19/01/2024 |

*15/4/1091 ગેનીબેન નગાજી ઠાકોર (વાવ)

ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ જણાવવા કૃપા કરશે કે:-

પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૦૬-૦૩-૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *પ્રશ્ન ક્રમાંક: ૨૪૩ (અગ્રતા-૩)ના અનુસંધાને માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્યમાં સરકારી પોલિટેકનિક વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩ની અનુક્રમે ૮૪, ૧૮૨ અને ૭૨૦ જગ્યાઓ ખાલી હતી, તે વહીવટી અનુકૂળતાએ ભરવાનું આયોજન હતુ તે પૈકી કેટલી જગ્યાઓ તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ સંવર્ગવાર ભરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

----